## ગાંધીનગર મને ગમે છે...



**મિત્તલબેન અશોકકુમાર ઠાકોર (વર્કિંગ વુમન)**

"શાંતિની અનુભૂતિ, હરિયાળીનું બીજું નામ એટલે ગાંધીનગર" આંખો મીંચીને જ્યારે લીલીછમ હરિયાળી અને મનને શાંતિ ની અનુભૂતિ થતી હોય અને જ્યાં મન એકચિત્ત થઈ શાંતિ થતું હોય એટલે માત્ર મારૂ ગાંધીનગર. ગાંધીનગર કોને ન ગમે જ્યાં આટલી બધી લીલીછમ હરિયાળી હોય, આટલા બધા વૃક્ષો હોય, આટલાં સુંદર ખુલ્લાં રસ્તાઓ હોય, પાણીની પુરી સગવડો હોય, જ્યાં સારવાર માટે સરકારી પ્રાઈવેટ હોસ્પિટલ હોય, શિક્ષણ મેળવવા સરકારી પ્રાઈવેટ સ્કુલ કોલેજો, બીજી ઘણી બધી એક્ટિવિટી માટે પણ સરકારી જીમખાનાં, વાર તહેવારને ઉજવવામાં અને ગુજરાતની સંસ્કૃતિને જીવંત રાખવા કલ્ચર ફોરમ જેવી સુંદર સંસ્થાઓ, આંનદ પ્રમોદ કરવા સરસ મજાના દરેક સેકટરમાં સુંદર બગીચાઓ આખા ગાંધીનગરને મધ્યમાં વચ્ચે દરેક સેકટરોને આવરી લેતો બગીચો એટલે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, ગુજરાતનું પાટનગર જ્યાં આખા ગુજરાતનું સંચાલન થતું હોય તેવું સુંદર વિધાનસભા, સચિવાલય હોય, જ્યાં અવારનવાર વિશ્વના દરેક દેશોના રાષ્ટ્રપ્રમુખો આવતાં જતાં હોય એમ કહેવામાં પણ ખોટું નહી હોય કે આખા વિશ્વનો વેપાર પણ અહીં થી જ એટલે કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ જે જગ્યાએ થી થતી હોય જેથી આખા વિશ્વને ગાંધીનગરની નવી ઓળખ મળી હોય એવું મનગમતું પ્રિય મારૂં ગાંધીનગર. સૌને ગમતું મને ગમતું તમને ગમતું લીલુંછમ મારૂં હરિયાળું આપણું ગાંધીનગર.

# શહેરમાં આઈસ્ક્રીમની સાથે ફાલુદા પણ લોકપ્રિય

## ગરમી વધતા શહેરીજનો ઠંડી ચીજવસ્તુઓ ખાવાનું પસંદ કરી રહ્યા છે જેમાં આઈસક્રીમની દુકાનોમાં ભીડનો માહોલ વર્તાય છે



ગાંધીનગર, તા. ૧

શહેરમાં ઉનાળાની મોસમ ચાલી રહી છે. શહેરીજનો ઉનાળાની સિઝનલ વસ્તુઓ મનભરીને આરોગી રહ્યા છે. ગરમીમાં ગરમાગરમ ચા ને રિપ્લેસ કરતી ઠંડી ઠંડી ચીજવસ્તુઓ ખાવામાં આવી રહી છે. જે પૈકીનું એક નામ છે ફાલુદા. અવનવી વેરાઈટીઓ આ ફાલુદાની જોવા મળી રહી છે. ફાલુદાની બનાવટમાં મીઠી સેવ ઉકાળીને ગાઢું બનાવેલુ દૂધ, કાજુ અને પલાળેલાં તકમરિયાં તથા વિવિધ આઈસ્ક્રીમનો ઉપયોગ કરવામાં આવે છે. અલગ અલગ આવૃત્તિઓ બનાવવા માટે આઈસક્રીમનું વૈવિધ ઉમેરવામાં આવે છે અને કાજુ, બદામ, સુકી કાળી દ્રાક્ષ, કિસમીસ વગેરે દ્વારા ગાર્નિસ કરવામાં આવે છે. ફાલુદા એ લોકપ્રિય ડેઝર્ટ પીણામાં ગણાય છે. તે અલગ અલગ સ્વાદમાં દુકાનોમાં મળે છે. એવું માનવામાં આવતું હતું કે મીઠું પીણું પર્સિયન ફાલોહદેહમાંથી આ ફાલુદા નામ વિકસિત થયું છે. તે એક સમયે મોગલ યુગ દરમિયાન ઉચ્ચ વર્ગ માટે અનામત હતુ. જેના હાલમાં હજારો સ્વાદ બનાવવામાં આવી રહ્યા છે. ફાલુદામાં વિવિધ પ્રકારની સીરપ એક અનન્ય સ્વાદિષ્ટ અનુભવ બનાવે છે. સ્વાદિષ્ટ સ્વાદની સાથે સાથે તે દરેક ઘટકના સ્તરવાળી અસરો સાથે અનોખુ આકર્ષણ પણ જમાવે છે. જેમાં ગુલાબ ફાલુદા એ ડેઝર્ટનો સૌથી પરંપરાગત અને સૌથી જાણીતો સ્વાદ છે. તે ગરમીમાં સૌથી વધારે ઉપયોગમાં લેવાય છે કારણ કે ગુલાબ કુદરતી રીતે ઠંડુ થાય છે. આ તેજસ્વી ગુલાબ રંગના પીણામાં ગુલાબના સૂક્ષ્મ સ્વાદ હોય છે અને કેટલીકવાર તે ગુલાબની પાંખડીઓથી પણ સુશોભિત કરવામાં આવે છે. ગુલાબ સીરપનો ઉપયોગ સામાન્ય રીતે પીણાના સ્વાદ માટે થાય છે. ફાલુદામાં જેલી ઉમેરવામાં આવે છે જે ફાલુદાને વધુ સ્વાદપ્રદ અને રસપ્રદ બનાવે છે. કેરીના પલ્પમાંથી પણ ફાલુદા બનાવવામાં આવે છે. આ ઉપરાંત નારંગી અને સ્ટ્રોબેરી ફ્લેવરના ફાલુદા ક્લાસિક ડેઝર્ટ છે. જે કોઈ પણ પ્રસંગ માટે ઉપયોગમાં લઈ શકાય છે.

શહેરીજનો ગરમીથી રાહત મેળવવા માટે ઘેર પણ વિવિધ પ્રકારના ફાલુદા બનાવીને ખાવાનુ પસંદ કરી રહ્યા છે. આ સાથે લગ્નપ્રસંગોની મોસમ ચાલતી હોવાથી આઈસક્રીમની દુકાનોમાં પણ જુની ડિમાન્ડ વધી જવા પામી છે. નાના બાળકોને ભાવતા અવનવા ફાલુદાઓ ગૃહિણીઓ ઘરે જ તૈયાર કરીને બાળકોને આપે છે. ગરમીની મોસમ હોવાથી શહેરીજનો સાંજે ફરવા માટે શહેરમાં નીકળતા જોવા મળે છે. જેમાં આઈસક્રીમની દુકાનોમાં ભીડ જોવા મળતી હોય છે.

# આવતીકાલે શહેરમાં એક સાથે ત્રણ તહેવારો ઉજવાશે


## અખાત્રીજના પવિત્ર તહેવાર સાથે પરશુરામ જયંતિની ઉજવણી થશે : મુસ્લિમ સમુદાય તેમના સૌથી મોટા તહેવાર ઈદ-ઉલ-ફિત્ર એટલે કે રમઝાન ઈદની ઉજવણી કરશે : શહેરમાં ભગવાન પરશુરામની બબ્બે શોભાયાત્રાઓનું આયોજન : ૧૫૫૧ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથે બ્રહ્મસમાજ વિશ્વ વિક્રમ નોંધાવશે

ગાંધીનગર, તા. ૧

આ વર્ષે તા. ૩જી મે મંગળવારના રોજ ત્રણ તહેવારોનો ત્રિવેણી સંગમ રચાશે જેમાં અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજના તહેવાર સાથે પરશુરામ જયંતિની પણ ધામધૂમથી ઉજવણી થશે જયારે બીજી તરફ મુસ્લિમ બિરાદરો તેમના સૌથી મોટા પર્વ ઈદ-ઉલ-ફિત્ર એટલે કે રમઝાન ઈદની ઉલ્લાસપૂર્ણ ઉજવણી કરશે. ગાંધીનગરમાં આ ત્રણેય તહેવારો હર્ષોલ્લાસથી ઉજવાશે જેમાં પરશુરામ જયંતિ નિમિત્તે બબ્બે સૌભાયાત્રાઓમાં ૧૫૫૧ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથેની યાત્રા વિશ્વ વિક્રમ નોંધાવશે જ્યારે શહેરની મસ્જિદોમાં રમઝાનની પવિત્ર નમાઝ અદા કરાશે ત્યારબાદ મુસ્લિમ પરિવારો એકબીજાને 'ઈદમુબારક' પાઠવીને હર્ષભેર ગળે મળશે.

કોરોના મહામારીના કપરાકાળ બાદ લગભગ બે વર્ષ પછી એવી સ્થિતિ સર્જાઈ છે જેમાં નાગરિકો પોતાના તહેવારોને નિર્ભિકપણે સાથે હળીમળીને ઉજવી શકશે. અખાત્રીજ એટલે વણજોયું મુહૂર્ત કહેવાય છે, આ દિવસે ખેડૂતો પોતાના ઓજારોની પૂજા-અર્ચના કરીને ખેતીની શરૂઆત કરશે. વળી, આ તહેવાર એટલો પવિત્ર ગણાય છે કે તેમાં કોઈ પણ શુભકાર્ય માટે મુહૂર્ત જોયા વગર આ દિવસે કરી શકાય છે. આ કારણે અખાત્રીજના તહેવારે અઢળક લગ્ન સમારંભોના આયોજનો સાથે નવા ઘરના વાસ્તુપૂજન, નવા ધંધા-વ્યવસાયના ઉદ્દઘાટન, વાહનખરીદી, સગાઈ, ખાતમૂહુર્ત જેવા શુભ કાર્યોના આયોજન જોવા મળે છે. આ દિવસે દાન-પુણ્યનો મહિમા પણ વિશેષ જોવા મળે છે અને જૈનો માટે પણ તેમના પ્રથમ તિર્થકર ભગવાન આદિનાથે ઈક્ષુરસના પારણાં અખાત્રીજે કર્યા હોવાથી પવિત્ર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્રેતા યુગનો પ્રારંભ અખાત્રીજે થયો હોવાનું માનવામાં આવે છે અને આ દિવસ બ્રહ્મસમાજના આરાધ્ય દેવ ભગવાન પરશુરામજીના અવતરણનો દિવસ હોવાથી તેની ઉજવણી પણ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક ધામધૂમથી કરવામાં આવે છે. ગાંધીનગરમાં આ વખતે પહેલીવાર બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામ જયંતિ નિમિત્તે બે બે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે યોજાનાર શોભાયાત્રામાં તો રાષ્ટ્રભક્તિનો રંગ પણ ઉમેરાશે કેમકે તેમાં ૧૫૫૧ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથે વિશ્વ વિક્રમ પણ નોંધાવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સતત એક માસ સુધીના આકરા ઉપવાસ રોજા રાખ્યા પછી રમઝાન માસની પૂર્ણાહૂતિ એટલે રમઝાન ઈદ ગાંધીનગરમાં મુસ્લિમ સમુદાય દ્વારા રમઝાન ઈદ એટલે કે ઈદ-ઉલ-ફિત્રના તહેવારે સવારે પવિત્ર નમાઝ અદા કરવામાં આવશે. આ નમાઝ બાદ મુસ્લિમ બિરાદરો પોતાના સગા-સંબંધી-મિત્રો-સ્નેહીજનો વગેરેને ગળે મળીને રમઝાન ઈદની મુબારકબાદી પાઠવશે. આ દિવસે મુસ્લિમ પરિવારો નવા વસ્ત્રોમાં સજ્જ થઈને એકબીજાના ઘરે જશે અને મિઠાઈઓ પણ આરોગશે. રમઝાન ઈદના તહેવારને પગલે તેમના ઘરોને રોશનીના ઝગમગાટથી સજાવીને ઉજવણી કરશે.



સેક્ટર-૨૩ 'છ' ટાઈપ, બ્લોક નં. ૯૬/૩ ની સામે પાણીની નવી પાઈપલાઈન નાંખવામાં આવી છે. આ પાઈપલાઈન છેલ્લા ઘણા સમયથી લિકેજ છે. આ લીકેજના કારણે પાણી સતત વેડફાઈ રહ્યુ છે. અહીં દરરોજ હજ્જારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે.




રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા ફિઝિયોથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨ને પાંચ સ્ટીક અને બે વોકર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રીમતી અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠક્કર, રોટેરીયન વશંતભાઈ જોષીએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને હોસ્પિટલની સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગેટની લોખંડની પાઈપો નીકળી ગઈ છે. જેના કારણે મોટો ગેપ સર્જાયો છે. આવતા-જતાં વાહનોના ટાયરો તેમાં ફસાઈ જવાની પુરેપુરી શક્યતાઓ છે. નવી પાઈપો લગાવી આ ગેપને તુરંત જ દૂર કરવા રજૂઆત કરવામાં આવી છે.



ઉનાળાની કાળઝાળ ગરમીમાં પશુ-પંખીઓ પાણી માટે ટળવળી રહ્યા છે. શહેરમાં કે શહેરની આસપાસ તળાવ કે નદી ન હોવાથી પશુ-પંખીઓને પીવાના પાણી માટે રીતસર ભટકવુ પડે છે. જીવદયાપ્રેમીઓ પશુ-પંખીઓ માટે ઠેર ઠેર પાણીની કુંડી ભરીને રાખે છે. જલીયાણા સેવા ગ્રુપ દ્વારા સિમેન્ટની કુંડીનું વિતરણ જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે કરવામાં આવ્યુ હતુ.



શહેરમાં ગ્રીષ્મનો ગરમાળો ઠેર ઠેર ઉગી નીકળ્યો છે. જેમાં ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ગેટ સામે સુંદર મજાનો ગરમાળો પીળા સોનેરી રંગના પુષ્પોથી શોભાયમાન બન્યો છે.

# આવતીકાલે ઠાકોર સમાજનો સમુહ લગ્નોત્સવ ઉનાવામાં યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જીલ્લાના ઠાકોર સમાજના આગેવાનો અને મોભીઓ દ્વારા સમાજનો સમૂહ લગ્નોત્સવ વૈશાખ સુદ અખાત્રીજના રોજ તા. ૩.૦૫.૨૦૨૨ના રોજ ઉનાવા ઠાકોરતરયોજ વાસ ખાતે યોજાશે જેમાં ૩૦ ગરીબ અને અનાથ નવદંપત્તિઓએ સમાજના રિત રિવાજો મુજબ પ્રભુતામાં પગલાં માંડશે. સમાજની વિભાવનાને ઉજાગર કરવા દરેક સમાજના આગેવાનો, શ્રેષ્ઠીઓ અને દાતાઓ દ્વારા સમૂહલગ્નનાં આયોજન કરી સમાજના જરૂરિયાતમંદ પરિવારને એક તાંતણે બાંધવાનું પ્રસંસનિય કાર્ય કરી રહ્યા છે. ત્યારે મંગળવારના રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર ઠાકોર સેના અને ગાંધીનગર તાલુકા દ્વારા આયોજિત પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાશે. આ સમૂહ લગ્નોત્સવ પ્રસંગે ગોસ્વામી મહંત ધનગિરી બાપુ - દેવરાજધામ, પરમ પૂજ્ય ભક્ત શંકરભાઈ કરશનભાઈ રબારી, પરમ પૂજ્ય સાધ્વી ગીતાદેવજી વાત્સલ્ય નવ દંપત્તિઓને રૂડા આશીર્વાદ આપશે. આ ઉપરાંત માનનીય કેન્દ્રીય સંચાર રાજયમંત્રી દેવુસિંહ ચૌહાણ, ક્ષત્રિય ઠાકોર સેના પ્રદેશ અધ્યક્ષ અલ્પેશજી ઠાકોર, ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલ અને પૂર્વ અન્ન અને પુરવઠા મંત્રી જયેશ રાદડિયા વગેરે જેવા મુખ્ય મહેમાનો ઉપસ્થિત રહેશે. સમૂહ લગ્નોત્સવમાં અભિવૃદ્ધિ કરવા માટે ભીખુદાન ગઢવી, હર્ષદ ઠાકોર, વિજય દેલવાડ, ધવલ બારોટ તથા મમતા સોની જેવા કલાકારો ઉપસ્થિત રહેશે.

## બીએપીએસ દ્વારા પ્રમુખસ્વામી શતાબ્દીની ઉજવણી

ગાંધીનગર, તા.૧

બીએપીએસ દ્વારા પ્રમુખસ્વામી શતાબ્દી ઉપક્રમે ગાંધીનગર ક્ષેત્ર-૧નો મહિલા દિન શનિવારના રોજ ઉજવાયો હતો. આ પ્રસંગનું દીપ પ્રાગટ્ય મહિલા અને બાળ વિકાસના નિયામક શ્રીમતિ પુષ્પલતાબેન (IAS),ગાંધીનગર, મહિલા સંયોજક મિનાક્ષીબેન ભાવસાર, ક્ષેત્ર-૨ના નિર્દેશકા અર્ચનાબેન દેસાઈ, મધ્યસ્થ કાર્યાલયના જિજ્ઞાબેન, યુવતી નિર્દેશકા બિનિતાબેન પટેલ, બાલિકા નિર્દેશકા ક્રિષ્નાબેન દ્વારા કરી કાર્યક્રમનો મંગલ પ્રારંભ કર્યો હતો.

'આપણા સાચા સ્વજન પ્રમુખસ્વામી મહારાજ' વિષયના કેન્દ્રવર્તી વિચાર સાથે સંવાદ, ગરબા, નૃત્ય જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોથી પ્રસંગમાં ચાર ચાંદ લાગી સમગ્ર સિવિલ ઓડિટોરિયમાં દિવ્યતા પ્રસરી હતી. ગાંધીનગર ક્ષેત્ર-૧ના નિર્દેશકા મિનાક્ષીબેન પટેલના માર્ગદર્શન મુજબ કાર્યક્રમ તૈયાર થઈ ભવ્ય રીતે ઉજવાયો હતો.

## ડભોડા ખાતે પ્રાથમિક શાળાના સિનિયર શિક્ષકનો સેવા નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧

ડભોડા ખાતે સાલુજીના મુવાડા પ્રાથમિક શાળામાં સૌથી સિનિયર શિક્ષક વિક્રમસિંહ ચાવડાનો સેવા નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન રાજભા રાઠોડ, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન લલિતસિંહ ઠાકોર, ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, સરપંચ આનંદીબેન ભૂપતસિંહ ઠાકોર ગાંધીનગર મહાનગરના ભાજપના સંગઠન મંત્રી વાસુદેવભાઈ પટેલ, હનુમાનજી મંદિરના ટ્રસ્ટી શકરાજી સોલંકી, એમએમસી પ્રમુખ ઉદેસિંહ પરમાર, શિક્ષકો મોટી સંખ્યામાં ગ્રામ આગેવાનો-વડીલો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તથા સૌએ નિવૃત્ત થતા વિક્રમસિંહ ચાવડાને સ્વસ્થ, સુખી, સમૃદ્ધ અને સફળ શેષ જીવનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.